# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 19-11-2024 Evening : 7.50 to 8.00
Day : Tuesday National News

## આકાશવાણી સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

**************************************************

1) ગાંધીનગર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું કે છેલ્લા દાયકામાં જમ્મુ કાશ્મીર, ઉત્તર પૂર્વ અને નકસલગ્રસ્ત વિસ્તારોમાં હિંસામાં 70 ટકાનો ઘટાડો થયો
2) મહારાષ્ટ્ર અને ઝારખંડમાં આવતીકાલે યોજાનારી ચૂંટણીની તમામ તૈયારીઓ પૂર્ણ
3) સંસદના શિયાળુ સત્ર અગાઉ કેન્દ્ર સરકારે 24મી નવેમ્બરે સર્વ પક્ષિય બેઠક બોલાવી
4) વાયુપ્રદૂષણની સમસ્યાને ડામવા માટે દિલ્હી સરકારે કૃત્રિમ વરસાદ વરસાવવા કેન્દ્ર સરકારને વિનંતી કરી
5) સંભવિત રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આજે દેશના નવા પરમાણુ સિદ્ધાંતને મંજૂરી આપી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## AMIT SHAH GANDHINAGAR

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગાંધીનગર ખાતે કહ્યું હતું કે જમ્મુ અને કાશ્મીર, ઉત્તર પૂર્વ અને નક્સલવાદથી પ્રભાવિત પ્રદેશોમાં હિંસામાં 70 ટકાનો ઘટાડો

થયો છે.. ગુજરાતના ગાંધીનગરમાં 50મી અખિલ ભારતીય પોલીસ વિજ્ઞાન પરિષદનું ઉદ્ઘાટન કરતાં શ્રી શાહે કહ્યું હતું કે છેલ્લા પચાસ વર્ષોમાં દેશ દુનિયામાં અનેક પરિવર્તનો આવ્યા છે તેમ પોલીસની ભૂમિકા પણ બદલાઇ છે.. બ્યુરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (BPRD) અને રાષ્ટ્રીય રક્ષા શક્તિ યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ સંમેલનમાં બોલતા, કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું હતું કે નાર્કોટિક્સ ઝડપવામાં પણ નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે.

**(બાઇટ - અમિત શાહ, કેન્દ્રીય ગૃહમંત્રી)**

આ કાર્યક્રમ અગાઉ કેન્દ્રીય ગૃહમંત્રીએ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર ખાતે ફિલાટેલીસ્ટ -2024ના ટપાલ વિભાગના પ્રદર્શનનુ પણ ઉદઘાટન કર્યું હતું.. બે દિવસિય આ પ્રદર્શનમાં દુલર્ભ ટિકિટ સંગ્રહ પણ રજૂ કરાયો છે.

આ ઉપરાંત સાબરકાંઠામાં હિંમતનગર ખાતે સાબરડેરીના નવા પશુઆહાર પ્લાન્ટનુ પણ તેમણે ઉદઘાટન કર્યું હતું..મોડી સાંજે અમદાવાદના શેલા ગામ ખાતેના વિકસાવાયેલા તળાવનું લોકાર્પણ કરીને કેન્દ્રીય મંત્રી અમિત શાહ દિલ્હી જવા રવાના થયા હતાં.

## ASSEMBLY ELECTION

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભાની આવતી કાલે યોજાનારી ચૂંટણી માટેની તમામ વ્યવસ્થાઓ પૂર્ણ થઈ ગઈ છે. મહારાષ્ટ્રમાં એક જ તબક્કામાં તમામ 288 બેઠકો માટે મતદાન થશે. સત્તારૂઢ ભાજપની આગેવાની હેઠળનું મહાયુતિ ગઠબંધન રાજ્યમાં સત્તા જાળવી રાખવા માંગે છે, જ્યારે મહા વિકાસ અઘાડી (MVA) પુનરાગમન કરવાનાં પ્રયત્ન કરે છે. ચૂંટણીમાં કુલ 4,136 ઉમેદવારો મેદાનમાં છે જેમાં 2,086 અપક્ષ દાવેદારોનો સમાવેશ થાય છે. ભાજપે 149, શિવસેનાએ 81 અને અજિત પવારની આગેવાની હેઠળની NCPએ 59 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા

છે. કોંગ્રેસે 101, શિવસેના-UBTએ 95 અને NCP-SPએ 86 ઉમેદવારો ઉભા રાખ્યા છે. બહુજન સમાજ પાર્ટી અને AIMIM સહિતના નાના પક્ષો પણ ચૂંટણી લડી રહ્યા છે.

દરમિયાન, આવતી કાલે ઝારખંડમાં બીજા અને અંતિમ તબક્કામાં 38 બેઠકો માટે મતદાન થશે. આ તબક્કામાં બારહેટ બેઠક પર મુખ્યમંત્રી હેમંત સોરેન, જ્યારે ઝારખંડ ભાજપના વડા બાબુલાલ મરાન્ડી ધનવડ બેઠક અને AJSU ના વડા સુદેશ મહાતો સિલી બેઠક પરથી લડી રહ્યા છે. મુખ્યમંત્રી હેમંત સોરેનનાં પત્ની કલ્પના સોરેન ગાંડેય બેઠક અને ભાઇ બસંત સોરેન પરિવારની પરંપરાગત બેઠક દુમકા પરથી લડી રહ્યા છે. આ તબક્કામાં 528 ઉમેદવારો મેદાનમાં છે. બંને રાજ્યોમાં 23મી નવેમ્બરે મતગણતરી હાથ ધરાશે.

## ALL PARTY MEET

કેન્દ્ર સરકારે સંસદના શિયાળુસત્ર પૂર્વે 24 નવેમ્બરના રોજ સર્વદળીય બેઠક બોલાવી છે. આ બેઠકમાં સરકાર લોકસભા અને રાજ્યસભાના શિયાળુસત્રના શાંતિપૂર્ણ અને યોગ્ય સંચાલન માટે તમામ પક્ષોનું સમર્થન મેળવવા પ્રયાસ કરશે. મહત્વનુ છે કે સંસદનું શિયાળું સત્ર 25 નવેમ્બરના રોજ શરૂ થઈને 20 ડીસેમ્બરે પૂરું થશે.

## PUNJAB-BYPOLLS

પંજાબમાં આવતીકાલે ચાર વિધાનસભા મતવિસ્તારોમાં યોજાનારી પેટાચૂંટણી માટેની તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારી સિબિન સીએ જણાવ્યું કે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સિસ (CAPF)ની 17 કંપનીઓ અને 6,000 પંજાબ પોલીસ કર્મચારીઓ હાજર છે. અને મતદાન પ્રક્રિયાના સુચારૂ સંચાલન માટે 3,800 થી વધુ મતદાન કર્મચારીઓને ફરજો સોંપવામાં આવી છે.

હોશિયારપુરના ચબેવાલ, ગુરદાસપુરના ડેરા બાબા નાનક, શ્રી મુક્તસર સાહિબના ગિદ્દરબાહા અને બરનાલાના લગભગ 7 લાખ મતદારો મતદાન કરશે. મતદાન આવતીકાલે સવારે 7 થી સાંજે 6 વાગ્યા સુધી યોજાશે, અને મત ગણતરી 23 નવેમ્બરે યોજાશે. પેટાચૂંટણીમાં મુખ્ય દાવેદાર ભારતીય જનતા પાર્ટી કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી છે. શિરોમણી અકાલી દળ, રાજ્યની અન્ય એક મોટી રાજકીય પાર્ટીએ આ ચૂંટણીઓ ન લડવાનું પસંદ કર્યું છે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## REV: AIR POLLUTION

વાયુ પ્રદૂષણની અતિગંભીર સ્થિતીનો સામનો કરી રહેલા રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં કૃત્રિમ વરસાદ કરવાની દિલ્હી સરકાર દ્વારા માગણી કરવામા આવી છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી ગોપાલ રાયે  કેન્દ્રીય પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવને પત્ર લખીને વાયુ પ્રદૂષણના નિવારણ માટે તાકીદની બેઠક બોલાવવાની વિનંતી કરી છે.  નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા, શ્રી રાયે કહ્યું કે નિષ્ણાતોની સલાહ લેવામાં આવી છે, અને ધુમ્મસને દૂર કરવા અને દિલ્હી-એનસીઆરમાં હવાની ગુણવત્તા સુધારવા માટે કૃત્રિમ વરસાદ વરસાવવાનો સમય આવી ગયો છે..

**(બાઇટ-ગોપાલ રાય, પર્યાવરણ મંત્રી, દિલ્હી સરકાર)**

## VLADIMIR PUTIN

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને આજે દેશના નવા પરમાણુ સિદ્ધાંતને મંજૂરી આપી દીધી છે. જેમા રશિયા તેના શસ્ત્રાગારનો ઉપયોગ કરવાનું વિચારશે તેવો નિર્ણય લેવાયો છે.. નવા સિદ્ધાંત મુજબ, પરમાણુ શક્તિ દ્વારા સમર્થિત રશિયા પરના કોઈપણ પરંપરાગત હુમલાને રશિયા પર સંયુક્ત હુમલો માનવામાં આવી શકે છે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને યુક્રેનને રશિયન પ્રદેશની અંદર ઊંડે સુધીના લક્ષ્યો સામે મિસાઇલોનો ઉપયોગ કરવાની પરવાનગી આપ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

દરમિયાન, યુક્રેન અને રશિયાએ એકબીજાના પ્રદેશોમાં હુમલા કરવાના દાવા કર્યા હતા.

## BJP VINOD TAWDE

ભાજપે આજે પાર્ટીના મહાસચિવ વિનોદ તાવડે પર લગાવવામાં આવેલા કેશ ફોર વોટના આરોપને ફગાવી દીધા છે. ભાજપે કહ્યું હતું કે વિપક્ષ મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં તેની સ્પષ્ટ હારનો અહેસાસ કરીને પાયાવિહોણા આરોપો લગાવી રહ્યો છે. નવી દિલ્હીમાં મીડિયાને સંબોધતા, પાર્ટીના પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જણાવ્યું હતું કે શ્રી તાવડે પાર્ટીના સ્થાનિક નેતાઓની બેઠકમાં હાજરી આપવા માટે નાલાસોપારામાં હતા. તેમણે કહ્યું કે આવી બેઠકો પાર્ટી કાર્યકર્તાઓને મતદાન પ્રક્રિયા અંગે સૂચના આપવા માટે કરવામાં આવે છે.

તેમણે ઉમેર્યું હતું કે આવા પાયાવિહોણા આરોપો લગાવતા પહેલા હોટલ અને નજીકના વિસ્તારના સીસીટીવી ફૂટેજ જોવા જોઈએ કારણ કે પાંચ કરોડ રૂપિયા ખિસ્સામાં લાવી શકાય નહીં. શ્રી ત્રિવેદીએ જણાવ્યું હતું કે મહા વિકાસ અઘાડી, જેના નેતાઓ આક્ષેપો કરી રહ્યા છે, તે નાલાસોપારા વિધાનસભાની ચૂંટણીમાં પણ લડતમાં

નથી. ભાજપના નેતાએ ઉમેર્યું હતું કે આ રાજ્યના લોકોમાં ભ્રમણા ઉભી કરવાનો પ્રયાસ છે પરંતુ જનતા  સમજદાર છે.

## UP NIGHT SAFARI

ડિસેમ્બર 2026માં દેશને પ્રથમ નાઇટ સફારીની ભેટ મળશે તેવી જાહેરાત ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી  યોગી આદિત્યનાથે કરી છે..તેમણે ઉમેર્યું હતું કે  દેશની પ્રથમ અને વિશ્વની પાંચમી નાઇટ સફારી લખનૌમાં તૈયાર થશે.

સૂચિત કુકરેલ નાઇટ સફારી પાર્ક અને પ્રાણીસંગ્રહાલયની યોજના મંગળવારે મુખ્યમંત્રીને તેમના સત્તાવાર નિવાસસ્થાને મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રજૂ કરવામાં આવ્યી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, બાંધકામનું કામ કોઈપણ સંજોગોમાં જૂન 2026 સુધીમાં પૂર્ણ કરવું જોઈએ. રાત્રી સફારી અને ઝૂ માટે વન્ય પ્રાણીઓ લાવવાની યોગ્ય વ્યવસ્થા કરવાની પણ તેમણે સૂચના આપી હતી. નાઈટ સફારી વિસ્તારમાં ઈન્ડિયન વોકિંગ ટ્રે, ઈન્ડિયન ફૂટહિલ, ઈન્ડિયન વેટલેન્ડ, એરિડ ઈન્ડિયા અને આફ્રિકન વેટલેન્ડની થીમ પર વિકસિત વિસ્તારો મુખ્ય આકર્ષણ હશે. નાઇટ સફારી પાર્કમાં પ્રવાસીઓ માટે 5.5 કિ.મી. ટ્રામવે અને 1.92 કિ.મી. ના માર્ગ દ્વારા કરવામાં આવશે.

નાઇટ સફારીમાં મુખ્ય આકર્ષણ એશિયાટિક લાયન, ઘરિયાલ, બંગાળ વાઘ, ઉડતી ખિસકોલી, ચિત્તો, હાયના વગેરે હશે.

## BSF RECOVERY

બોર્ડર સિક્યુરિટી ફોર્સ દ્વારા સરહદ પર બાજનજર રાખવામા આવી રહી છે.  પાકિસ્તાન સાથેની પંજાબ બોર્ડર પર  બીએસએફના જવાનો ખડે પગે છે. અમારા જલંધસરના સંવાદદાતાએ અહેવાલ આપ્યો છે કે માત્ર બે દિવસમાં, BSFએ અમૃતસર, તરનતારન, ગુરદાસપુર અને ફિરોઝપુરના સરહદી જિલ્લાઓમાં હેરોઈનના 3 કન્સાઈનમેન્ટ સાથે 9 ડ્રોન તોડી પાડ્યા છે.  પંજાબ પોલીસ સાથેના CAPFના

સંયુક્ત ઓપરેશનમાં મોટાપાયે હેરોઇન પણ જપ્ત કરવામાં આવ્યું છે.. સરહદ પારની નાર્કો-સિન્ડિકેટની નાપાક યોજનાઓને સરહદી સુરક્ષા દળ અને પંજાબ પોલીસે નિષ્ફળ બનાવી છે.